અમદાવાદ અને કુડાલ વચ્ચે દોડશે ગણપતિ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ, રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદથી કુડાલ વચ્ચે ગણપતિ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનની ચાર ટ્રીપ ખાસ ભાડા પર દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે -

ટ્રેન નં. ૦૯૪૧૨/૦૯૪૧૧ અમદાવાદ-કુડાલ વીકલી સ્પેશિયલ ચઇ ફેરા -

ટ્રેન નંબર ૦૯૪૧૨ અમદાવાદ – કુડાલ સ્પેશિયલ ટ્રેન ૩૦ ઓગસ્ટ અને ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૨ (મંગળવાર)ના રોજ અમદાવાદથી ૦૯.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૫.૪૦ કલાકે કુડાલ પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૧૧ કુડાલ – અમદાવાદ સ્પેશિયલ ટ્રેન ૩૧ ઓગસ્ટ અને ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૨ (બુધવાર) ના રોજ કુડાલથી ૦૬.૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૩.૩૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન બંને દિશાઓમાં વડોદરા, સુરત,વાપી, પાલઘર, વસઈ રોડ, પનવેલ, રોહા, માનગાંવ, ખેડ, ચિપલુણ, સાવરડા, અરાવલી રોડ, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, આડવલી, વિલવરે, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, નંદગાંવ રોડ, કણકવલી અને સિંધુદુર્ગ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેનોનાં સંચાલન, સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

બહેરા-મૂંગાની શાળામાં ડેન્ટલ ચેક-અપ કેમ્પ યોજાયો

અમદાવાદઃ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ, સેટેલાઈટના ઉપક્રમે બહેરા-મૂંગાની શાળા, આશ્રમ રોડ અમદાવાદ ખાતે સોમવારે વિનામૂલ્યે દાંતની તપાસ શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરમાં ભાગ લઈ ૫૦૦ બાળકોએ પોતાના દાંતની તપાસ કરાવી હતી અને તેમને ડેન્ટલ કીટ આપવામાં આવી હતી. ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી રસિકભાઈ પટેલ આ પ્રસંગે હાજર રહ્યા હતા. ડો. ઉમંગી લેખવિયા, ક્રિઝ્સ ડેન્ટલ સ્ટુડિયોએ આ હેતુ માટે ભાગીદારી કરી અને કેમ્પનું આયોજન કરવા માટે તેમનો સહયોગ આપ્યો. લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સેટેલાઈટના પ્રમુખ શ્રી મિહીર પરીખે તેમના જન્મ દિવસ પ્રસંગે ૫૦૦ બાળકોને ભોજનના પેકેટનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી પરીખે જણાવ્યું હતું કે "દાંતની તપાસ એ આરોગ્યનું ખૂબ જ મહત્વનું પાસું છે, પરંતુ એક અથવા બીજા કારણથી દાંતની તપાસ કરાવવાનું ટાળી રહ્યા છે. અમે દાંતના આરોગ્યનું મહત્વ દર્શાવવા માટે અને લોકો તેનો લાભ લે તે માટે દાંતની તપાસ શિબિરનું આયોજન કર્યું છે. હું મારા જન્મ દિવસ પ્રસંગે બહેરા-મૂંગાની શાળાના બાળકો સાથે સમય પસાર કરતાં આનંદ અનુભવું છું. આ પ્રસંગે બાળકોને મળવાની મને સુંદર તક પૂરી પાડવા બદલ હું બહેરા-મૂંગાની શાળાનો આભારી છું". આ પ્રવૃત્તિ દરમિયાન શ્રી મિલન દલાલ - ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર, સ્કૂલ કોર ઝેડ એન્ડ મ્યૂઝિયમ સેક્રેટરી, શ્રી રાકેશ પટેલ - ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર અને લાયન્સ ક્લબ સેટેલાઈટના સભ્યો હાજર રહ્યા હતા (૧૯-૧)

અમદાવાદ મંડળ દ્વારા ૨૯ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય રમતગમત દિવસનું આયોજન

અમદાવાદ, દેશમાં રમતગમતને પ્રોત્સાહન આપવા માટે, ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા ૨૯ ઓગસ્ટ ૨૦૨૨ને રાષ્ટ્રીય રમત દિવસ (નેશનલ સ્પોર્ટ્સ ડે) તરીકે જીવવાની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રસંગે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર તારીખ ૨૯.૦૮.૨૦૨૨ (સોમવાર) ના રોજ મંડળ ખેલકૂદ સંઘ દ્વારા મંડળ કાર્યાલયના પરિસરમાં "ટ્રગ ઓફ વોર" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

મંડળ રેલવે પ્રવક્તાએ માહિતી આપતા જણાવ્યું કે, આ સ્પર્ધામાં મંડળની ઓપરેટિંગ, કોમર્શિયલ, ઓફિસિયલ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ, ડીઝલ શેડ સાબરમતી, ડીઝલ શેડ વટવા, એકાઉન્ટ્સ, પર્સનલ, સ્ટોર એન્ડ જનરલ, રેલવે પ્રોટેક્શન ફોર્સ અને મેડિકલ વિભાગની કુલ ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં દરેક વિભાગના ૮ મુખ્ય ખેલાડીઓ અને ૪ સ્ટેન્ડબાય ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાની ફાઈનલ મેચ સિનિયર

ડિવિઝનલ સિક્યુરિટી કમિશનરની ટીમ અને સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયરની ટીમ વચ્ચે યોજાઈ હતી, જેમાં સિનિયર ડિવિઝનલ સિક્યુરિટી કમિશનરની ટીમ વિજેતા રહી હતી.

અમદાવાદ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના પ્રમુખ અને ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી તરુણ જૈનના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી જૈને આયોજિત રમતોત્સવમાં મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા બદલ તમામ રેલવે કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને વિજેતા ટીમ તથા દ્વિતીય વિજેતા ટીમને પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા.

ઈન્ડિયા-પાકિસ્તાન મેચ પર આઈડી પર જ કરોડોના સટ્ટો ખેલાશે

રાજકોટ, ભારત-પાકિસ્તાનની મુકાબલો હોય એટલે ક્રિકેટરસિકો આ મેચના એક પણ બોલને 'મિસ' કર્યા વગર તેનો આનંદ ઉઠાવવા માટે આતૂર હોય છે. નવ મહિના પહેલા ભારત-પાકિસ્તાન વચ્ચે વર્લ્ડકપમાં ટક્કર થઈ હતી ત્યારે પણ રવિવાર હોવાથી શહેરના માર્ગો સૂમસામ ભાસી રહ્યા હતા. ત્યારે આજે એશિયાકપમાં પણ ભારત-પાકિસ્તાન વચ્ચે મેચ રમાનાર છે અને ત્યારે આજે પણ રવિવાર હોવાથી ક્રિકેટ કફ્યૂ લાગી જશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ત્યારે આજે સટ્ટા બજારમાં ગરમાગરમી જોવા મળશે. સટ્ટાબજારમાં બુકીઓ ભારતને હોટ ફેવરિટ માની રહ્યું છે. ટીમ ઈન્ડિયા જ જીતશે તેવું માનીને બુકીઓએ તળિયાના ૪૭ પૈસા જ ભાવ ખોલ્યો છે. પોલીસની ધોંસ હોવાથી આઉટિંગ લાઈન બંધ રાખીને માત્રઁ ફ પર કરોડોના સટ્ટો આજે ખેલાશે. બીજીબાજુ ક્રિકેટરસિકો જે રીતે મેચનો લાભ ઉઠાવવા માટે તલપાપડ હશે તેવી જ રીતે સટ્ટોડિયાઓ ભારત-પાકિસ્તાન મેચ ઉપર કરોડો રૂપિયાનો જુગાર ખેલી લેવા માટે સઝ્ઝ બની ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. આજે મેચમાં ટીમ ઈન્ડિયાને જીતવા માટે 'સુપર ફેવરિટ' ગણીને બુકીબજારમાં ૪૭ પૈસા ભાવ ખોલવામાં આવ્યા છે. બુકી બજારના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે ભારત-પાકિસ્તાનની ટીમ છેલ્લા ઘણા સમયથી જોરદાર ફોર્મમાં રમી રહી છે. પરંતુ આજની મેચમાં પાકિસ્તાન કરતાં ટીમ ઈન્ડિયાનું પલ્લું ભારે ગણાય રહ્યું હોવાથી અત્યંત નીચો ભાવ રાખવામાં આવ્યો છે. બુકીબજારમાં સામાન્ય રીતે કોઈ ટીમનો ભાવ ૫૦ પૈસાની નીચે ખોલવામાં આવે એટલે તેને 'સુપર ફેવરિટ' ગણવામાં આવતી હોય છે. ટીમ ઈન્ડિયાને ૪૭ પૈસા સાથે જીત માટે પ્રબળ દાવેદાર ગણવામાં આવી રહી છે.

બીજીબાજુ છેલ્લા ઘણા સમયથી પોલીસની સખત ધોંસ હોવાને કારણે અનેક બુકીઓએ 'આઉટીંગ લાઈન' મતલબ કે ફોન ઉપર સોદા લેવાનું બંધ કરીને માત્રઁ ફ મારફતે જ ક્રિકેટ સટ્ટો રમાડવાનું શરૂ કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે. અત્યારે ટીમ ઈન્ડિયાની જીતનો ભાવ ૪૭ પૈસા ખોલવામાં આવ્યો છે તેનો મતલબ એ થાય કે જો કોઈ પંટર ટીમ ઈન્ડિયાની જીત ઉપર ૧૦,૦૦૦ લગાવે અને ટીમ ઈન્ડિયા જીતી જાય તો તેને ૪૭૦૦ રૂપિયા મળશે અને જો ટીમ ઈન્ડિયા હારી જાય તો પંટરે બુકીને ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવવા પડે. બીજી બાજુ સટ્ટો રમવાના શોખીન પંટરો પૈકીના અમુકે માત્ર ભારત-પાકિસ્તાન મેચ પૂરતું તો અનેક પંટરોએ આખા એશિયા કપ માટે બુકી પાસેથીઁ ફ લઈ લીધું હોવાનું જાણવા મળી રહ્યું છે. એકંદરે એકલા રાજકોટમાંથી જ આજના મેચ ઉપર કરોડો રૂપિયાનો સટ્ટો ખેલાઈ જવાનો અંદાજ છે. જો પોલીસ દ્વારા ખાસ વોચ રાખવામાં આવે તો અનેક પંટરોને કંગાળ થતાં બચાવી શકાય તેમ છે. ટીમ ઈન્ડિયા જ જીતશે તેવું માનીને અનેક પંટરે એડવાન્સ સોદા પાડ્યા છે.

વિકાસનાં કામો કરવા છેલ્લી વખત ચૂંટણી લડીશ : મધુ શ્રીવાસ્તવ

વડોદરા, વડોદરાના વાઘોડિયા વિધાનસભાની બેઠક પરથી ૬ ટર્મથી જીત મેળવનાર ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે બે દિવસ અગાઉ વાઘોડિયા માટે તેમણે જે સક્ષમ ઉમેદવાર છે તેવી જાહેરાત કરી વધુ એક વખત પોતે દાવેદાર છે તેવો હુંકાર કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, વાઘોડિયા બેઠક ઉપર હું ચૂંટણી લડવાનો છું તેમાં બેમત નથી. ભાજપ મને જે ટિકિટ આપશે. મેં ભાજપમાં રહીને કરજણ કે મહિલાની છેતરી કરી નથી. જેથી આગામી વિધાનસભાની ચૂંટણીમાં વાઘોડિયા બેઠક ઉપરથી હું જ ચૂંટણી લડવાનો છું. તેઓએ પોતાની દાવેદારી રજૂ કર્યા બાદ હવે તેઓના વિકાસના કામો બાકી છે તેથી ચૂંટણી લડવા માંગે છે તમ જણાવી આ તેમની છેલ્લી ચૂંટણી હશે તેવી જાહેરાત કરી છે. છેલ્લા ૬ ટર્મથી તેઓ ધારાસભ્ય છે અને હજી મત ક્ષેત્રના વિકાસનાં કામો બાકી છે. જેમાં ૧૫ ટકા લોકો એવા છે જેઓ ભાડાના મકાનમાં રહે છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન
સુધારો
ટેન્ડર નં. રીમાઝમેન-એડીમાઈ-77-2022-23
એન્જીનીયરિંગ વિભાગ માટે કાર્ય, "Sr. DEN (NW)-ADI ના અધિકારીઓમાં પોઈન્ટ્સ અને સ્ટેશિંગની તૂટેલી પ્લેટ્સ, સ્વાર્ડ્સ યેર ના બ્રર્ફસ વેરીઅર્સ ફ્રમ કલ્ડ, CMS લોકિંગ, ટ્રેન રેસ્ક, SEJs, પોઈન્ટ્સ અને સ્ટેશિંગનું પુનર્વસન." ટેન્ડરો ટેક્નિકલ કારણોસર રદ કરવામાં આવેલ છે. ઉપરોક્ત ટેન્ડર નોટીસની અન્ય શરતો અને નિયમો અપરિવર્તનીય રહેશે.
ADI-224
આમને ફોલો કરો: twitter.com/WesternRly

ભાવનગરના વિદ્યાર્થીઓએ દુધ અસલી છે કે નકલી તેની પરખ કરતા શીખવ્યું

ભાવનગર, ભાવનગર સહિત રાજ્યભરમાં વિવિધ સ્થળોએથી જ્યારે દૂધમાં ભેળસેળ થતી હોવાના સમાચારો વખતોવખત અખબારમાં ચમકતા રહે છે ત્યારે જ્ઞાનમંજરી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દૂધમાં ભેળસેળ દર્શાવતી આ સરળ પદ્ધતિ શોધવાથી ઘરબેઠા લોકો દૂધ શુદ્ધ છે કે અશુદ્ધ તેનું આસાનીથી પરિક્ષણ કરી શકશે. જે માટે માત્ર એક સોલ્યુશનની જરૂર પડશે. જેના દ્વારા ખબર પડી જશે કે દૂધમાં મિલાવટ કરવામાં આવી છે કે નહીં. ભાવનગર ખાતે જ્ઞાનમંજરી ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ દૈનિક ઘરમાં વપરાશમાં આવતું દૂધ અસલી છે કે નકલી તે જાણવા માટે એક આસાન સરળ પદ્ધતિ શોધી કાઢી છે. જેના આયોડીનનું એક એવું સોલ્યુશન બનાવવામાં આવેલ જેનું એક જ ટીપુ દૂધમાં ઉમેરી મિક્સ કરવાથી દૂધ બ્લુ કે ઓછો ભૂરો કલર પકડે તો તે નકલી દૂધ હોવાની પૂરેપૂરી સંભાવના છે. અસલી દૂધમાં કોઈ કલર ફેરફાર થતો નથી. આ સંશોધનથી દૂધમાં મિલાવટ છે કે નહીં તે આસાનીથી ખબર પડી જશે. આજકાલ લગભગ મોટાભાગની ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ, મિલાવટ, અસલ-નકલ જોવા મળે છે. દૂધ અને ઘી ખાતુ આવા ખાદ્ય પદાર્થોના નમૂના પણ માર્કેટમાંથી સમયાંતરે અને ખાસ કરીને તહેવારો દરમ્યાન લેતા હોય છે અને નકલી ખાદ્ય પદાર્થોના કીભાંડો દિન પ્રતિદિન અખબારોમાં આવતા હોય છે. પરંતુ રોજેરોજ વપરાતું દૂધમાં આવા પરીક્ષણની તાતી જરૂરિયાત હતી જે જ્ઞાનમંજરી ફાર્મસી કોલેજના વિદ્યાર્થીનીઓ ભટ્ટ માનસી અને ગાંધી ભૈરવીએ આ ક્ષેત્રે સંશોધન કરીને એક અનોખી પદ્ધતિ કે જેમાં હવે સામાન્ય જનતા ઘરે પણ દૂધનું અસલી કે નકલી હોવું તે આસાનીથી ચકાસી શકે તેવી સરળ પદ્ધતિ વિકસાવી છે. હાલ જ્યારે બજારમાં નકલી અને ખાસ કરીને દૂધ જેવી ચીજમાં નકલીની પરખ કરવી મુશ્કેલ કરવી થઇ છે ત્યારે વિદ્યાર્થીઓને આવી સરળ અને ચોક્કસ પદ્ધતિના વિકાસ બદલ અને એક રોજે રોજ વપરાતી તેમજ દૂધ જેવી જીવન જરૂરી ખાદ્યસામગ્રીની નકલી અસલી પરખ કેળવવા માટે પદ્ધતિ વિકસાવી છે તેમ જ્ઞાન મંજરી સંસ્થાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. એચ. એમ. નિમ્બાર્ક જણાવ્યું હતુ.

॥ શ્રી ગણેશાય નમઃ ॥
નંદિની ટેક્સકોમ (ઇન્ડિયા) લિમિટેડ
સી.આઈ.એન.: L65910GJ1994PLC021165
રજી. ઓફિસ: બી-૩૦૪, ઇન્ટરનેશનલ કોમર્સ સેન્ટર, કડીવાલા સ્કૂલ પાસે, રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨.
ટેલિફોન: ૦૨૬૧-૪૦૦૪૫૯૬ ઈમેઈલ: nandinitexcom@hotmail.com,

વાર્ષિક સામાન્ય સભાની સૂચના, બુક ક્લોઝર અને ઈ-વોટિંગ અંગેની જાહેરાત

વાર્ષિક સામાન્ય સભાઃ
આથી સૂચના આપવામાં આવે છે કે નંદિની ટેક્સકોમ (ઇન્ડિયા) લિમિટેડ સભ્યોની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ગુરુવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરે ૦૩.૦૦ વાગ્યે કંપનીની સ્થિત રજિસ્ટર્ડ ઓફિસ બી-૩૦૪, ઈન્ટરનેશનલ કોમર્સ સેન્ટર, કડીવાલા સ્કૂલ પાસે, રીંગ રોડ, સુરત ગુજરાત- ૩૯૫૦૦૨ ખાતે. એજીએમની સુચનામાં નિર્ધારિત વ્યવસાયોના વ્યવહાર માટે કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલની રવાનગી પૂર્ણ કરી છે.
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૭ અને ૧૩૬ સાથેઁર્બમાં કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમ, ૨૦૧૪ના નિયમ ૧૨ સાથે વાંચવામાં આવે છે, વર્ષ ૨૦૨૧-૨૨ માટે વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટિસ ઇલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવી છે, જે સભ્યોએ તેમનું ઈ-મેલ સરનામું કંપની અથવા તેમની સંબંધિત ડિપોઝિટરી સાથે અને અન્ય સભ્યોને પરવાનગી મોડ દ્વારા રજીસ્ટર કરાવ્યું છે. વાર્ષિક અહેવાલ સાથે નોટિસ મોકલવા/સરવવાની કટ-ઓફ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૨ છે. એજીએમ અને વાર્ષિક અહેવાલની સૂચના કંપનીની વેબસાઈટ www.nandinitex.com અને નેશનલ ડિપોઝિટરી સર્વિસિસ લિમિટેડની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે www.evoting.nsdl.com.

બુક ક્લોઝર અંગેની જાહેરાતઃ
સૂચના વધુમાં આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૪૦ સાથે સમયાંતરે સુધારો કરવામાં આવ્યો છે અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર જરૂરીયાતો) રેગ્યુલેશનની કલમ ૪૨, ૨૦૧૫ એજીએમના હેતુ માટે કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ ૧૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ થી ૨૨ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

ઈ-વોટિંગઃ
કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ મુજબ કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વાંચો, સંશોધિત કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) એમેન્ડમેન્ટ રૂલ્સ ૨૦૧૫ અને સેબીના રેગ્યુલેશન ૪૪ તરીકે રેગ્યુલેશન્સ, ૨૦૧૫ કંપની તેના સભ્યોને નોટિસમાં દર્શાવેલ તમામ રિઝોલ્યુશન પર ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપવા માટે એનએસડીએલ દ્વારા ઈમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે ખુશ છે.
રિમોટ સુવિધા નીચેના સમયગાળા દરમિયાન ખુલ્લી રહેશેઃ

ઇ-વોટિંગની શરૂઆત	ઇ-વોટિંગનો અંત
સોમવાર ૧૯ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સવારે ૧૦.૦૦ વાગ્યે	બુધવાર ૨૧ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સાંજે ૦૫: ૦૦ વાગ્યે.

કટ-ઓફ (રેકોર્ડ તારીખ) ૧૫ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ, ભૌતિક સ્વરૂપે અથવા ડીમેટ સ્વરૂપે શેર ધરાવતી કંપનીના શેરધારકો ઇલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. ત્યારબાદ મતદાન માટે એનએસડીએલ દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલને અક્ષમ કરવામાં આવશે. એકવાર સભ્ય દ્વારા મત આપવામાં આવે, તે પછીથી તેને બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
જો કોઈ વ્યક્તિ એજીએમની નોટિસ મોકલ્યા પછી કંપનીનો સભ્ય બન્યો હોય પરંતુ ઈ-વોટિંગ માટેની કટ-ઓફ તારીખ પહેલાં, તો તેનેથી પોતાના મતનો ઉપયોગ કરવા માટે એજીએમની નોટિસમાં આપવામાં આવેલી ઈ-વોટિંગ માટેની સૂચનાનું પાલન કરી શકે છે. જો સભ્ય પહેલાથી જ ઈ-વોટિંગ માટે એનએસડીએલ સાથે નોંધાયેલ હોય, તો સભ્ય રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપવા માટે વર્તમાન વપરાશકર્તા આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.
જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી તેઓ એજીએમમાં તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરી શકશે. બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા પણ એજીએમમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે સભ્યોએ એજીએમ પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ પણ એજીએમમાં હાજરી આપી શકે છે; જો કે, તે સભ્યો એજીએમમાં ફરીથી તેમનો મત આપવા માટે હકદાર રહેશે નહીં.
કોઈપણ પ્રશ્ન(ઓ) કિસ્સામાં સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો "FAQs" (અવારનવાર પૂછાતા પ્રશ્નો) અને ઈઝી સેટ્સ કરી શકે છે અને એનએસડીએલની વેબસાઈટના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા અથવા ઈમેલ evoting@nsdl.co.in મોકલવામાં આવશે અથવા હેલ્પ ડેસ્ક પર સંપર્ક કરી શકે છે. ૧૮૦૦-૨૨૨-૯૯૦ (ટોલ ફ્રી).
ઈ-વોટિંગના પરિણામોની જાહેરાત મીટિંગના સમાપનના ૨ દિવસ કરતાં વધુ સમય પછી કરવામાં આવશે . સ્ક્રુટિનાઈઝર રિપોર્ટ સાથે જાહેર કરાયેલ પરિણામ સભ્યોની માહિતી માટે કંપનીની વેબસાઈટ અને એનએસડીએલની વેબસાઈટ પર મુકવામાં આવશે અને સ્ટોક એક્સચેન્જોને જણા કરવામાં આવશે.

નંદિની ટેક્સકોમ (ઈન્ડિયા) લિમિટેડ
અશોક આર. ટેકરીવાલ
ડિરેક્ટર
(ડિન : ૦૦૦૮૧૭૯૮)
સ્થળ: સુરત
તારીખ: ૩૧ /૦૮/૨૦૨૨

પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન
હોલિંગ સાઈટ્સના ભાડે આપવા માટેનો બ્લક કોન્ટ્રાક્ટ
ઈ-ઓક્શન નોટીસ નં. સીએ) I -એડીઈઈ-ઓએચ-2022-6
ડિવિઝનલ રેલવે મેનેજર (એમઈચિઝ), ભાવનગર પરા, પશ્ચિમ રેલવે, ભાવનગર-364 003, નીચે જણાવેલ કાર્ય માટે ઈચ્છુક ફ્રમ્સ / કંપનીઓ / એગ્રિકલ્ચરિંગ એજન્સી / એજન્સીઓ તરફ થી નિર્ધારિત ફોર્મેટમાં પાત્ર વર્ષના સમર્પણભાવના કોન્ટ્રાક્ટ માટે ઓપન ઈ-ઓક્શન આમંત્રિત કરે છે.

નં.	સ્થળ	સાઈઝ અને હોલિંગની સંખ્યા	શિર્ષક
1	સરખેજ સ્ટેશન (કોચુવેલીની વિક્રનાર)	20'x10' - 14	સરખેજ થી ગાંધીધામ સ્ટેશન વચ્ચે (અમદાવાદ)
2	સરખેજ સ્ટેશન (ROB 24/A) સરખેજ-ઉમરાળા હાઈવે	30'x30' - 06	
3	સરખેજ-ગાંધીધામ સેક્શન, LC 26 -C (કિ.મી. 21/8 થી 21/9 વચ્ચે)	20'x10' - 01	
4	સરખેજ-ગાંધીધામ સેક્શન, LC 24 (કિ.મી. 20/8 થી 20/9 વચ્ચે)	20'x10' - 05 30'x15' - 02	
5	ચરવાડુ સ્ટેશન (કોચુવેલીની વિક્રનાર)	20'x10' - 05	
6	કેસલ ROB (કિ.મી. 16/6 થી 16/7 વચ્ચે)	20'x10' - 04	
7	76AU/B (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 02	રાજકોટ થી ગોંડલ સ્ટેશનો વચ્ચે
	GANG HUT 11 (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 04	
	LC-11 (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 02	
	LC-12 (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 02	
	LC-13 (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 02	
	LC-12 થી LC-13 વચ્ચે (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 01	
	LC-14 (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 02	
	LC-15 (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 02	
	રીબડા સ્ટેશન (રાજકોટ-જેતલસર સેક્શન)	20'x10' - 02	
	LC-23 (ભક્તિનગર-રીબડા વચ્ચે)	20'x10' - 01	
	RUB 43 (ગોંડલ યાર્ડ)	20'x10' - 01	
8	ઠોઠ ગોગદા રેલવે સ્ટેશન	20'x10' - 05	ભાવનગર ડિવિઝનના વિવિધ સ્ટેશનો
9	મઢડા રેલવે સ્ટેશન	20'x10' - 05	
10	મોરેયા રેલવે સ્ટેશન	20'x10' - 05	
11	ઝાલવા રેલવે સ્ટેશન	20'x10' - 10	
12	L.C. 220 (ભાવનગર રીબડા થી ભાવનગર પરા રેલવે સ્ટેશનો વચ્ચે)	20'x10' - 02	
13	ધોળકા રેલવે સ્ટેશન	20'x10' - 10	
14	વણપરી રેલવે સ્ટેશન	20'x10' - 10	

વિગત / ટેન્ડરની વધુ વિગતો માટે આઈનારઈપીએમએસ સાઈટની મુલાકાત લેવી. ઓફલાન થઇ ગયાની તારીખ અને સમયઃ ફક્ત ઓનલાઈન ટેન્ડરઈઝ www.ireps.gov.in/ ફ્રાર ના 08-09-2022 ના 10:00 કલાક. ઓફલાન બંધ થવાની તારીખ અને સમયઃ ફક્ત ઓનલાઈન ટેન્ડરઈઝ www.ireps.gov.in/ ફ્રાર ના 08-09-2022 ના 12:40 કલાક. BVP-050
આમને ઘણાઁ કરો: facebook.com/WesternRly • આમને ફોલો કરો: twitter.com/WesternRly

ટેક્સલ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ
સીનઃ L29100GJ1989PLC012576
રજી. ઓફીસ-ભ્લોક નં.૨૧૦૮, સાંતેજ -ખાગજી રોડ, શાહ એલોય લી. પાસે, ગામઃ સાંતેજ, તાલુઃ કલોલ, જિલ્લો :ગાંધીનગર ૩૮૨ ૬૨૧, ગુજરાત
ઈમેઈલ : finance@geotexelin.com વેબસાઈટ : www.geotexelin.com
ફોન: ૦૮૦૦૦૧૬૨૨૦/૨૧૧૦

નોટિસ

આ નોટિસ દ્વારા જણા કરવામાં આવે છે કે વ્યવસાયિક વ્યવહારો કરવા માટે કંપનીસ એક્ટ, ૨૦૧૩ મુજબની જોગવાઈઓના અમલીકરણના અનુસંધાનમાં તા. પમી મે, ૨૦૨૦ની તારીખના જનરલ સર્કયુલર નં.૨૦/૨૦૨૦, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ની તારીખનો સરકયુલર નં.૦૨/૨૦૨૧ , અને મિનિસ્ટરી ઓફ કર્પોરેટ ફ્રાર સેવી પમી મે, ૨૦૨૨ની તારીખનો સરકયુલર નં.૦૨/૨૦૨૨ અને મે ૧૨, ૨૦૨૦ની તારીખનો SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 સેબી સરકયુલર, જાન્યુઆરી ૧૫, ૨૦૨૧ની તારીખનો સેબી સરકયુલર SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 અને ૧૩મી મે, ૨૦૨૨ની તારીખનો સેબી સરકયુલર SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 ની મુજબ કંપનીના સભ્યોની ૩૩મી વાર્ષિક સામાન્ય સભા વિડીયો કોન્ફરન્સ (વીસી) અથવા અન્ય વિડીયો ઓડિયો માધ્યમ (ઓએવીએમ) દ્વારા ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના સોમવારના રોજ, સવારના ૧૧-૦૦ કલાકે યોજવામાં આવશે.
ઉપરોક્ત સરકયુલર્સના અનુસંધાનમાં, જે સભ્યોના ઈ-મેલ આઈડી કંપની/આરટીએ/ડિપોઝિટરી પાર્ટિસિપેન્ટ સાથે નોંધાયેલ છે તે તમામ સભ્યોને એજીએમ નો